રજુતારીખ : ૦૪/૦૫/૨૦૨૩

દાખલતારીખ : ૦૪/૦૫/૨૦૨૩

ફેંસલ તારીખ : ૨૨/૦૪/૨૦૨૬

અવધિ : વર્ષ/માસ/દિવસ.

૨ / ૧૧ / ૧૮

**મહે.કોટડાસાંગાણીના જ્યુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, કોટડાસાંગાણી.**

**ફોજદારી કેસ નં.૮૮૬/૨૦૨૩**

**આંક–૮૪**

**ફરીયાદી:–** **કામધેનુ ફોર્જ પ્રા.લી.,**
**થ્રુ ઈટસ ડાયરેકટર દિવ્યેશભાઈ ગીરધરભાઈ કાલરીયા,**
ધમે:– હિન્દુ, ધંધો –વેપાર,
ઠે.૪૦૧, અર્વન વીસ્ટા, નાનામવા મેઈન રોડ,
ગોલ રેસીડેન્સી નજીક, મોકાજી સર્કલ, જી.રાજકોટ.

**વિરુધ્ધ**

**આરોપી:–** **સુનીતા વિજેન્દ્રર પાનવાર,**
**તે બન્કે બીહારી ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટર,**
મે.એસ.બી.બી.ફોર્જ અને મશીન ઈન્ડસ્ટ્રીઝ,
પ્લોટ નં.૧૪૩, સેકટર ૫૯ (હુડા)
ફરીદાબાદ–૧૨૧૦૦૪.

**ગુન્હો:–** **નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ**

––––––––––––––––––––––––

ફરીયાદી:–તર્ફે વિ.વ.શ્રી વી.કે.શેઠ.
આરોપી:–તર્ફે વિ.વ.શ્રી વી.પી.સાગઠીયા.

––––––––––––––––––––––––

**– : ચૂકાદો : –**

(૧) આ કામે ફરીયાદની ટુંકમાં હકીકતો એવી છે કે, કામધેનુ ફોર્જ પ્રા.લી. નોંધાયેલી પ્રાઈવેટ લીમીટેડ કંપની છે તેના ડાયરેકટર દરજજે તથા અન્ય ડાયરેકટરોએ આપેલ કુલમુખત્યારનામાના આધારે ફરીયાદીએ હાલની ફરીયાદી રજુ રાખેલ છે. ફરીયાદી કંપનીની એડમીનીસ્ટ્રેટીવ અને માર્કેટીંગ ઓફીસ ફરીયાદમાં મથાળે દર્શાવ્યા સરનામેથી થાય છે અને માલ(ફોર્જ કોમ્પોનન્ટસ) નું ઉત્પાદન શાપર(વે.) મુકામે થાય છે. જયારે પ્રતિવાદી શ્રી બાકે બીહારી ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટર દરજજે હરીદવાર મુકામે કામ કરતા હતા. જેનું સરનામુ પ્લોટ નં.૩૩–ઈ, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, આઈ.પી.–૪, બેગમપુર, હરીદવાર છે. હાલમાં તે સ્થળે ધંધો બંધ કરી તેઓ ફરીયાદમાં મથાળે દર્શાવ્યા સરનામે મેસર્સ એસ.બી.બી.ફોર્જ એન્ડ મશીનીંગ ઈન્ડસ્ટ્રીઝના નામથી કામ કરે છે આ કામના તહોમતદારે પરચેઝ ઓર્ડર નં.એસ.બી.બી.આઈ./૦૩૦/૨૨–૨૩, તા.૩૧/૦૮/૨૨ તથા પરચેઝ ઓર્ડર નં. એસ.બી.બી.આઈ./૦૩૪/૨૨–૨૩ તા.૦૭/૧૦/૨૨ ની વીગતે ફરીયાદી પાસેથી માલ ખરીદવા ઓર્ડર આપેલ છે. જે ઓર્ડર અનુસંધાને ફરીયાદીએ ઈન્વોઈસ નંPG2223/920 Dt.14/10/2022, ઈન્વોઈસ નં. G2223/962, Dt.21/10/2022, તથા ઈન્વોઈસ નં. G-2223/1041, Dt.14/11/2022, ની વીગતે ઉધારમાલ વેચેલ છે.તે ઈન્વોઈસનો કુલ રકમ રૂા.૧ ૨,૩૩,૭૦૦ તથા બીલમાં કબુલેલ લેઈટ પેમેન્ટ ઈન્ટરેસ્ટ રૂા.૧,૦૪,૯૭૯/– તહોમતદાર પાસે બાકી લેણા નીકળે છે તહોમતદારે ફરીયાદીનું બાકી લેણુ કબુલ રાખી ફરીયાદીની તરફેણમાં એકસીસ બેંક, શીવાલીકનગર, હરિદ્રાર શાખાનો ચેક નં.૦૦૦૦૧૧ તા.૦૪/૦૧/૨૩, રૂા.૧૧,૦૯,૨૦૦/– નો ચેક પાર્ટ પેમેન્ટ સ્વરૂપે ઈસ્યુ કરી આપેલ છે. ઉપર્યુકત પારા–૪ માં ઉલ્લખેલ ચેકની વસુલાત મેળવવા ફરીયાદીએ તેઓના બેન્ક એકાઉન્ટમાં રજુ રાખતા સદરહું ચેક 'એકસીડઝ

એરેજમેન્ટ' ના કારણોસર તા.૨૮/૦૩/૨૦૨૩ ના રોજ ડીસઓનર થયેલ છે. ફરીયાદીને ચેક ડીસઓનરની જાણ થતાં તા.૧૦/૦૪/૨૦૨૩ ના રોજ એડવોકેટ મારફત તહોમતદારને નોટીસ પાઠવી, ઉપરોકત પેરા–૩ માં ચેક ડીસઓનર થયાની જાણ કરી, ડીસઓનર થયેલ ચેકની રકમ ડીમાન્ડ કરેલ છે. સદરહું નોટીસ તહોમતદારને તા.૧૫/૦૪/૨૦૨૩ ના રોજ ફરીદાબાદના સરનામે યોગ્ય રીતે બજી ગયેલ હોવા છતાં નોટીસ પીરીયડમાં કે આજદીન સુધી ફરીયાદીને ડીસઓનર થયેલ ચેકની રકમ ચુકવેલ ન હોય હાલની ફરીયાદ દાખલ કરવા ફરજ પડેલ છે આરોપીના નામમાં થયેલ ટાઈપીંગ ભુલ માટે સુધારા નોટીસ પણ આપેલ છે. ફરીયાદીને રજીસ્ટર્ડ ઓફીસ આપ નામ. કોર્ટની હકુમતમાં આવેલ છે અને ફરીયાદીની બેંકની રાજકોટ સ્થિત સર્વીસ બ્રાન્ચ નામ.કોર્ટની હકુમતમાં આવેલ હોય, હાલની ફરીયાદ નિર્ણિત કરવા નામ.કોર્ટને હકુમત છે, જેથી સબબ આ ફરીયાદ લાવી દાંદ માંગવાની કે, આ કામના તહોમતદારે બદઈરાદે ફરીયાદીને વસુલાત ન મળે તેવો ચેક ઈસ્યુ કરી ફરીયાદી પાસેથી લાખો રૂપિયાનો માલ પડાવી લીધેલ હોય, અને જે તે ચેક ડીસઓનર થયા બાદ નોટીસ આપવા છતાં ફરીયાદીને સદરહું ચેકનું પેમેન્ટ કરેલ ન હોય, ને.ઈ.એકટની કલમ–૧૩૮ મુજબ ચેકથી ડબલ રકમનો દંડ અને (બે) વર્ષની સજાને પાત્ર ગુન્હો આચરેલ હોય, જે તે કાનુની પ્રબંધ મુજબ દંડ તથા સજા ફરમાવવા વિનંતી કરેલ છે તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭ હેઠળ દંડની રકમ ફરીયાદીને વળતર સ્વરૂપે આપવા હુકમ ફરમાવવા વીનંતી કરેલ છે તથા આ ફરીયાદ અનુસંધાને મળી શકે અને અપાવી શકાય તેવી હરકોઈ દાદ અપાવવા વિનંતી કરેલ છે.

(૨) ફરીયાદીએ ઉપરોકત પેરેગ્રાફમાં જણાવેલ હકીકત વાળી, ફરીયાદ રજુ કરતાં, ફરીયાદીની ફરીયાદ રજીસ્ટરે લઈ આરોપી સામે પ્રોસેસ ઈશ્યુ કરવામા

આવેલ.આરોપીને સમન્સ બજતા આરોપી અદાલતમાં ઉપસ્થિત થયેલ, અને આરોપીને ફરીયાદની નકલ મળી ગયાની ખાત્રી કર્યા બાદ એન.આઈ.એકટની કલમ–૧૩૮ ના ગુના સંબંધમાં તેમનો જવાબ આંક–૧૦ થી લેવામાં આવતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા સદરહુ કામ ફરીયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૩) આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબ પુરાવો રજુ થયેલ છે :

**ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવો :**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદી કામધેનું ફોર્જ પ્રા.લી.ના ડાયરેકટર દિવ્યેશભાઈ ગીરધરભાઈ કાલરીયાનું પુરાવાનું સોગંદનામું. | આંક–૦૪ |

**ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો :**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદીની કંપનીનું નોંધણી સર્ટીફીકેટની ખરી નકલ. | આંક–૨૪ |
| ૨. | ફરીયાદીની તરફેણમાં આપેલ કુ.મુ.ની ખરી નકલ. | આંક–૨૫ |
| ૩. | તહોમતદારે મોકલેલ પરચેઝ ઓર્ડર નં.૩૦ ની નકલ. | આંક–૨૬ |
| ૪. | તહોમતદારે મોકેલલ પરચેઝ ઓર્ડર નં.૩૪ ની નકલ. | આંક–૨૭ |
| ૫. | ઈન્વોઈસ નં.૯૨૦ ની ઓ.કોપી. | આંક–૨૮ |
| ૬. | ઈન્વોઈસ નં.૯૬૨ ની ઓ.કોપી. | આંક–૨૯ |
| ૭. | ઈન્વોઈસ નં.૧૦૪૧ ની ઓ.કોપી. | આંક–૩૦ |
| ૮. | ખાતાના ઉતારાની નકલ. | આંક–૩૧ |
| ૯. | તહોમતદારે ઈસ્યુ કરી આપેલ ચેક અસલ. | આંક–૩૨ |
| ૧૦. | ચેક ડીસઓનર થયાનો મેમો અસલ. | આંક–૩૩ |
| ૧૧. | તહોમતદારને પાઠવવામાં આવેલ નોટીસની ખરી નકલ. | આંક–૩૪ |
| ૧૨. | પોસ્ટલ વીન્ડો સ્લીપ અસલ. | આંક–૩૫ |
| ૧૩. | પોસ્ટલ ટ્રેક રેકર્ડની નકલ. | આંક–૩૬ |

| | | |
|---|---|---|
| ૧૪. | પુરાવાના કાયદા મુજબનું સર્ટીફીકેટ અસલ. | આંક–૩૭ |
| ૧૫. | સુધારા નોટીસની ઓ.કોપી. | આંક–૩૮ |
| ૧૬. | પોસ્ટલ વીન્ડો સ્લીપ અસલ. | આંક–૩૯ |
| ૧૭. | ફો.કે.નં.૫૬૦૬/૨૪ ની ફરીયાદની નકલ. | આંક–૬૮ |

(૪) ત્યારબાદ આરોપી તર્ફે ફરીયાદીની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે **આંક –૪૫** થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ.

## આરોપીપક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવો :

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદી સુનીતા વીજેન્દ્ર પાનવાર પ્રોપરાઈટર ઓફ શ્રી બન્કે બીહારી ઈન્ડીનું પુરાવાનું સોગંદનામું. | આંક–૪૮ |
| ૨. | સાહેદ અમીત વિજેન્દ્ર પાનવારનું સરતપાસનું સોગંદનામું. | આંક–૬૨ |
| ૩. | વીજેન્દ્ર પાનવારનું સરતપાસનું સોગંદનામું. | આંક–૬૭ |

## આરોપીપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો :

| | | |
|---|---|---|
| ૧. | ઈન્વોઈસ નં.જી.–૨૨૨૩/૯૨૦, તા.૧૪/૧૦/૨૨ બીલની રકમ પેટેના રૂપિયા ૨,૧૮,૩૦૦/– અંકે રૂપિયા બે લાખ અઢાર હજાર ત્રણસો પુરા આરોપીને ફરીયાદીને ઓનલાઈન પેમેન્ટ કરેલ તેની પેમેન્ટ રીસીપ કોમ્પ્યુટરાઈઝ કોપી. | આંક–૫૩ |
| ૨. | ઈન્વોઈસ નં.જી.–૨૨૨૩/૯૨૦, તા.૧૪/૧૦/૨૨ બીલ રીજેકટ થયેલ હોય જેની જાણ કરેલી જે મેઈલની કોમ્પ્યુટરાઈઝ નકલ. | આંક–૫૪ |
| ૩. | ઈન્વોઈસ નં.જી.–૨૨૨૩/૯૬૨, તા.૨૧/૧૦/૨૨ બીલ રીજેકટ થયેલ હોય જેની જાણ અમોએ ફરીયાદીને તા.૦૩/૧૧/૨૦૨૨ ના રોજ મેઈલ દ્રારા જાણ કરેલી જે મેઈલની કોમ્પ્યુટરાઈઝ નકલ. | આંક–૫૫ |

(૫) ત્યારબાદ સદરહુ ફરીયાદનું કામ આરોપીના ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયેના વિશેષ નિવેદન ઉપર મુકવામાં આવેલ. જેમા આરોપીએ તેની સામેના પુરાવામાંની હકિકતનો ઈનકાર કરેલ છે.

(૬) ત્યારબાદ હાલનુ કામ ફરીયાદપક્ષ તથા બચાવપક્ષની દલીલો ઉપર આવતા ફરીયાદપક્ષે આંક–૮૨ થી લેખીત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધેલ છે. ત્યારબાદ સદર કામ આરોપી તરફે આખરી દલીલ પર હોય પરંતુ દલીલ કરેલ ન હોય તથા કોઈ રીપોર્ટ આપેલ ન હોય જેથી આરોપીનો દલીલનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક–દસ્તાવેજી પુરાવા ધ્યાને રાખતા નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી પેટે ફરીયાદીને લખી આપેલ જે ચેક નિયત સમયમાં વટાવવા ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વગર સ્વિકારાયે પરત ફરેલ, જેને નિયત સમયમાં પોષ્ટ મારફતે કાયદેસરની નોટીસ આરોપીને મોકલાવેલ, જે મળવા છતાં આરોપીએ નોટીસનો અમલ ન કરી ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદીને ન ચૂકવી **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮** મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

૧. હ કા ર માં.

૨. આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**મુદા નં.૧:-**

(૯) આ કામે ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ મૌખીક દલીલો તથા ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલાં ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ની જોગવાઈઓ ધ્યાને લેવી આવશ્યક છે.

**ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ૧૩૮ ના આવશ્યક તત્વો નીચે મુજબ છે.**

(૧) આરોપીએ તેમના ધ્વારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણાં ચૂકવવા ચેક આપેલ

(૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશતઃ દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો

(૩) ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ૬ માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંન્નેમાંથી જે વહેલા ચેક તે સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો

(૪) તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત આવેલ છે .

(૫) ચેક પરત થયાની માહીતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાંની માંગણી લેખિતમાં કરેલ હતી.

(૬) તેઓને નોટીસ મળી ગયેલ હોવાં છતાં ચેકના નાણા સમય મર્યાદામાં ચુકવી આપેલ નથી.

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

હવે સૌ પ્રથમ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૧૮ ધ્યાને લઈએ તો

**<u>કલમ ૧૧૮</u>** – વટાઉખત વિશે માની લેવાની બાબત...

એથી વિરૂધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

**(ક)** દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું ને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદતલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

**(ખ) <u>તારીખ વિશેઃ–</u>**

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યું હતું.

**(ગ)<u>સ્વીકારવાની સમય વિશેઃ</u>**

સ્વીકારાયેલું દરેક વિનીમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતું.

**(ઘ) <u>તબદીલીના સમય વિશેઃ</u>**

કોઈ વટાવખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

**<u>(ચ) શેરાઓના ક્રમ વિશેઃ</u>**

કોઈ વટાવખત ઉપર કરેલ હોવાનુ જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતાં.

**(છ)<u>સ્ટેમ્પ વિશેઃ</u>**

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર  અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો

**(જ) <u>ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવાવિશેઃ</u>**

કોઈ વટાવખત ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે  તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો  ધરાવતી વ્યક્તિ પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર  પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી  અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક છે એમ સાબીત કરવાનો બોજો  તેના ઉપર છે.

**<u>કલમ ૧૩૯– ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાનઃ</u>**

વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં  આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક  કલમ ૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ ભાગ માંથી બોજમુકત થવાના  બદલામાં  તે ચેક મેળવ્યો હશે.પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો તેવું અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર  ઉપર છે.

ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો અને ઊભય પક્ષકારો તરફથી કરવામાં આવેલ દલીલની ચર્ચા કરીએ તે પહેલા પુરાવાના બોજા અંગેની ચર્ચા  કરવી જરૂરી જણાય છે. સીમાચિન્હ ના. સુપ્રિમ કોર્ટના સંખ્યાબંધ  ચુકાદાથી એ સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે કે જયારે આરોપીએ ચેક ફરીયાદીની તરફેણમાં આપેલ હોવાનું પુરવાર થતું હોય તેવા સંજોગોમાં ચેક કાયદેસરના લેણાં પેટે કે જવાબદારી પેટે આપેલ હોવાનું અદાલતે અનુમાન કરવાનું રહે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયે ધારકની તરફેણમાં અનુમાન કરવામાં આવે છે.

અલબત્ત આ અનુમાન ખંડનાત્મક હોય છે અને આરોપીએ તે ચેક કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ ન હોવાનો બચાવ લઈ શકશે. વિવિધ ઘણા બધા ચુકાદાઓ ધ્વારા પ્રસ્થાપિત થયેલ છે કે આરોપીએ પોતાનો બચાવ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંતના આધારે પુરવાર કરવાનો હોય છે. વધુમાં આરોપીએ પોતાનો બચાવ રજુ કરવા માટે વીટનેસ બોકસમાં પણ આવવું જરુરી નથી. એટલે કે આરોપીએ પોતાનો બચાવ નિશંકપણે પુરવાર કરવાનો હોતો નથી, પરંતુ ચેકના ધારકની તરફેણમાં કરવામાં આવતાં કલમ–૧૩૯ ના અનુમાનમાં માત્ર શંકા ઉપસ્થિત કરવાની હોય છે અને આરોપી જો આવી શંકા ઉપસ્થિત કરવામાં સફળ થાય તો જ ત્યારબાદ તે અંગેનો બોજો ફરીયાદીના શીર પર શીફ્ટ થાય છે અને ત્યારબાદ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવાનો હોય છે. આમ, ઉપરોકત પુરાવાના સિધ્ધાંતને ધ્યાને રાખીને ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો અને આરોપીપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો અને આરોપી ધ્વારા લેવામાં આવેલ બચાવનું મુલ્યાંકન અત્રેની અદાલતે કરવાનું રહે છે. ફરીયાદપક્ષે રજુ રાખેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ રજુ કરેલ બચાવ આ તમામ દસ્તાવેજી તથા મૌખીક પુરાવાઓને સોનાના ત્રાજવામાં(ગોલ્ડન સ્કેલ) ઉપર મુલવણી કરવી જરૂરી છે. તેમજ ન્યાયશાસ્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ પુરાવાના મુલ્યાંકનને વ્યાખ્યાતીત કરવામાં આવેલ નથી.પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું અને આરોપી સંભવિત બચાવ રેકર્ડ પર લાવી શકેલ છે કે કેમ તે દરેક કેસની હકીકતો અને સંજોગો ઉપર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી '' સાબીત '' અને '' નાસાબીત'' ની વ્યાખ્યા ઉપર આધારીત છે. સાબીત થયેલી હકીકતો કોને કહેવાય અને તે જોવામાં આવે તો અદાલત સમક્ષ જે બાબતો ઉપરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ કે જે તે સંજોગોમાં જે હકીકતનું અસ્તીત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબીત થયેલી ગણાય અને અદાલત એક હકીકતનું અસ્તીત્વ માને અથવા એટલી હદે અસ્તીત્વ સંભવિત માને કે એક સમજદાર વ્યક્તિ જે તે સંજોગોમાં તેવું અસ્તીત્વ છે તેવી ધારણાથી વર્તે અલબત્ત ગણીત જેવી ચોક્કસતા અને ચુસ્તતાનો આગ્રહ અનઉપેક્ષીત છે.

(૧૦) હાલના કામે ફરીયાદપક્ષ કાયદેસરનું લેણું સાબિત કરી શકેલ છે કે નહી તેની ચર્ચા કરતા અગાઉ આ કામે નામ.સુપ્રિમ કોર્ટ તથા અન્ય વડી અદાલતોના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવા આવશ્યક છે.

In the matter between **M/s Prajapati Oil Industries through owner Rameshbhai V/S State of Gujarat reported in 2004(1) GLH Pg.365**, Hon'ble Gujarat High Court has held that, as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden to rebut this presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'ble Gujarat High Court in para-25 of its judgment held that, on a bare reading of Section-138 of the act it is clear that as soon as cheque is produced of record, a presumption will arise about the consideration that the negotiable instrument concerned was made or drawn for consideration.

In the matter between **Mangubhai Mansukhram Pandya V/S Pranjivan Tribhovandas Purohit, reported in 1991(2) GLH Pg.65 Hon'ble Gujrat High Court has held that,** Section-118 of the N.I.Act raises a statutory presumption that,

- There was consideration for every negotiable instrument.

  This presumption continues until it is rebutted.
- Onus of proof that there was no consideration is on the defendant.
- Initial burden lies on the plaintiff to prove execution of the pronote. But once the burden discharged court has to raise the statutory presumption.

નામદાર સુપ્રિમ કોર્ટે **Bharat Barrel And Drum Manufacture Company LTD V/S Amin Chand Payrelal, 1999(3) SCC 35** ના ચુકાદામાં પ્રસ્થાપીત

કરેલ છે કે," The Bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is probable has to be brought on record for getting benefit the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its non-existence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea it did not exist."

આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટે **K.N.Beena V/S Muniyappan, 2001(0) AIR(SC) 2895 તથા Hiten P. Dalal V/S Bratindranath Banerjee, 2001(6) SCC-16** ના ચુકાદમાં પ્રસ્થાપીત કરેલ છે કે, Burden of proving that cheque had not been issued for any debt or liability is on the accused. Denial avernments in reply by accused are not sufficient to shift burden of proof on to the complainant. Accused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability. Further held that, setting a side of conviction on basis of some formal evidence led by accused is not proper.

આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટના **Krishna Janardhan Bhat V/S Dattatraya G. Hegde (2008(0) Cr.LJ 1172), K. Prakashan V/S P. K. Surenderan (2008(1) SCC(Crimes)200) તથા Rangappa V/S Sri Mohan (AIR 2010 SC 1898)** ના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી પ્રી પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલુ ગણી શકાય અને ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની **કલમ–૧૩૯** ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ, સાક્ષીના પાંજરામાં આવવુ જરૂરી નથી.

**(૧૧)** હાલના કામે ફરિયાદપક્ષ તર્ફે રજુ થયેલ તમામ મૌખીક–દસ્તાવેજી પુરાવાની વિગતે ચર્ચા કરીએ તો તે નીચે મુજબ છે.

ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૪ થી ફરિયાદી કામધેનું ફોર્જ પ્રા.લી.ના ડાયરેકટર દિવ્યેશભાઈ ગીરધરભાઈ કાલરીયા નું સરતપાસનું સોગંદનામું ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫ હેઠળ રજુ કરેલ છે અને તેમાં ફરીયાદ આંક–૧ માં જણાવ્યા મુજબની વિગતો જણાવેલ છે. જેથી બીનજરુરી તેનું પુનરાવર્તન કરવામાં આવતું નથી. વધુમાં, ફરીયાદીએ તેની ફરીયાદ તથા સોગંદનામાનાં સમર્થનમાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેનું મુલ્યાંકન કરવામાં આવે તો, આંક–૨૪ થી ૩૯ મુજબનો દસ્તાવેજી પુરાવો અનુક્રમે થી ફરીયાદીની કંપનીનું નોંધણી સર્ટીફીકેટની ખરી નકલ, ફરીયાદીની તરફેણમાં આપેલ કુ.મુ.ની ખરી નકલ, તહોમતદારે મોકલેલ પરચેઝ ઓર્ડર નં.૩૦ ની નકલ, તહોમતદારે મોકેલલ પરચેઝ ઓર્ડર નં.૩૪ ની નકલ, ઈન્વોઈસોની ઓ.કોપી. ખાતાના ઉતારાની નકલ, તહોમતદારે ઈસ્યુ કરી આપેલ ચેક અસલ, ચેક ડીસઓનર થયાનો મેમો અસલ, તહોમતદારને પાઠવવામાં આવેલ નોટીસ ની ખરી નકલ, પોસ્ટલ વીન્ડો સ્લીપ અસલ, પોસ્ટલ ટ્રેક રેકર્ડની નકલ, પુરાવાના કાયદા મુજબનું સર્ટીફીકેટ અસલ, સુધારા નોટીસની ઓ.કોપી., પોસ્ટલ વીન્ડો સ્લીપ અસલ વગેરે રજુ કરેલ છે જે ધ્યાને લીધેલ છે. તેમજ અન્ય દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**(૧૨) ત્યારબાદ આરોપી તરફે ફરિયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે જે આંક–૦૪ ની ઉલટ તપાસમાં ફરિયાદી જણાવેછે કે,** હુ આરોપીને મારકેટીંગમા એક માણસ હતો તેમના દવારા કોન્ટેકટમા આવેલ હતા તેથી તેને હુ ઓળખુ છુ. આરોપીને હુ શરુઆતમા ઓળખતો ન હતો પરંતુ મારકેટીંગના એક માણસ દવારા મારી તેની સાથે ઓળખાણ થયેલી. મારે તથા આરોપીને ધંધાકીય સબંધથી સને.૨૦૨૨ ના અંતથી ઓળખાણ થયેલી. મારે તથા આરોપી વચ્ચે ઓળખાણ થતા ધંધાકીય વ્યવહાર બંધાયેલો.એ વાત ખરી છે કે મારે તથા આરોપીને આ કેસ

પહેલા અગાઉ કોઈ પૈસાની લેતી દેતી નો વ્યવહાર થયેલો ન હતો. એ વાત ખરી છે કે મારે તથા આરોપીને ફોર્જીંગ પાર્ટસ મે તેમને વેચેલા અને તેમણે ખરીદેલા તે અંગેનો વ્યવહાર થયેલો. એ વાત ખરી નથી કે મે ફોર્જીંગ પાર્ટસ વેંચેલ અને તે અંગે મને આ ચેક સીકયુરીટી પેટે મળેલા. મને મારા રજીસ્ટર ઈમેઈલ આઈ.ડી.ઉપર બે પરચેજ ઓર્ડર મળેલ હતા તેમની સામે મારી કંપનીના ત્રણ ઈનવોઈસથી વેંચાણ કરેલ હતુ તે પેટે ચેક મળેલા. મે આ એકજ ચેક લીધેલો છે અને મારી પાસે અન્ય કોઈ ચેક નથી. મારે આ કામના આરોપી સાથે અગાઉ થયેલ વ્યવહાર અંગે આર.ટી.જી.એસ.થી. ઓનલાઈન પૈસાની લેવડ દેવડ થયેલી. આ ચેક મને મારી કંપની ઓફીસમા મળેલો. એ વાત ખરી નથી કે આ ચેકમા ખાલી સહી હતી. સાહેદ જણાવે છે કે આ ચેક પુરી વીગતવાર ભરેલો હતો. મને આ ચેક જાન્યુઆરી–૨૦૨૩ની સાલમા મળેલો.સાહેદ હવે જણાવે છે કે આ ચેક સને.૨૦૨૨મા મળેલો. અમોને જે ચેક મળેલો તે ફોર્જીંગ પાર્ટ અમોએ વેંચેલા હોય તે અંગેનો મળેલો. એ વાત ખરી છે કે અમોને આર.ટી.જી.એસ. દવારા પૈસા ન મળતા અમોએ સદર ચેક બેંન્કમા જમા કરેલો. એ વાત ખરી છે કે અમોએ આ ચેક બેન્કમા રજુ કરતા તે રીટર્ન થયેલો. એ વાત ખરી છે કે આ ચેક રીટર્ન અંગેની જાણ આરોપીને ટેલીફોનીક કરેલી. એ વાતની મને યાદ નથી કે મે આરોપી સાથે નોટીસ પહેલા કોઈ ટેલીફોનીક વાતચીત કરી સદર ચેક રીટર્ન થયેલ હોય તે અંગે મે મારી નોટીસમા, ફરીયાદમા કે સરતપાસના સોગંદનામામા જણાવેલ છે કે કેમ. મે આ કામમા સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ રજુ રાખેલુ છે. મે તથા આરોપી વચ્ચે સદર વ્યવહાર અંગેનો કોઈ એગ્રીમેન્ટ કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે મે આ કામમા ડીલેવરી ચલણ રજુ કરેલુ છે. અમોએ સદર ડીલવરી ચલણમા ટેકસ કે વેટ અંગેની કોઈ માહીતી દર્શાવેલી નથી. એ વાત ખરી છે કે અમોએ આરોપીને ફોર્જીંગ પાર્ટ કયા વાહનમા મોકલેલ તેની વીગત મે મારી

નોટીસમા,ફરીયાદમા કે સરતપાસના સોગંદનામામા જણાવેલ નથી. એ વાત ખરી નથી કે આવી કોઈ ડીલીવરી થયેલી ન હતી તેથી અમોએ આવી કોઈ હકીકત નોટીસ,ફરીયાદ કે સરતપસાના સોગંદનામામા જણાવેલ નથી. એ વાત ખરી છે કે સદરહુ નોટીસ અમોએ આરોપીને આપેલી તે એડવોકેટ દવારા તૈયાર કરેલી. આ નોટીસ અમોએ મોકલેલી. એ વાત ખરી છે કે સદર ફરીયાદ, સરતપાસનુ સોગંદનામુ તથા કેસની તમામ વીગત અમારા એડવોકેટ શ્રી. દવારા તૌયર કરેલી. એ વાત ખરી નથી કે અમારે ધંધાના વ્યવહારમા જે ચેક મળેલો તે સીકયુરીટી પેટેનો ચેક લઈ સદર ફરીયાદ કરેલી. એ વાત ખરી નથી કે અમો આરોપી પાસેથી આવી કોઈ રકમ લેવા હકકદાર ન હોય છતા ખોટી ફરીયાદ દાખલ કરેલી છે.

**(૧૩) ત્યારબાદ આરોપીપક્ષ તરફે આરોપી સુનીતા વીજેન્દ્ર પાનવારનું સરતપાસનું સોગંદનામું આંક–૪૮ થી રજુ થયેલ છે** જે સરતપાસ અન્વયેની કરવામાં ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, નોંધ: સાહેદ હીન્દી ભાષા સમજતા હોય તેઓને હીન્દીમા સવાલ પુછી તેનુ ગુજરાતીમા ટ્રાન્સલેશન કરી જુબાની નોંધવામા આવેલ છે.સાહેદની જુબાની વેળાએ તેમના વિ. વ. શ્રી હાજર છે વિ. વ. શ્રી જેઓ ગુજરાતી જાણતા હોય. શ્રી બાકેબીહારી ઈન્ડસ્ટ્રીઝના હુ એકલી માલીક છું. અમે અમારો ધંધો પહેલા હરીદ્વારમા કરતા હતા. અત્યારે પણ અમે આ નામથી કામ કરીએ છીએ. અત્યારે અમો હરીદ્વારમા કામ કરીએ છીએ. હરીદ્વારમા બેગમપુર નામથી ઓળખાતી જગ્યાએ કામધંધો કરીએ છીએ. એસબીબીફોર્જ અને મશીનીંગ ઈન્ડસ્ટ્રીઝ કોનો ધંધો છે તેની મને ખબર નથી . ધંધો હુ જાતે સંભાળુ છું.મારા પતી કે મારા પુત્ર મારી સાથે ધંધો કરે છે તેવો કોઈ પુરાવો આ કામમા રજુ કરેલ નથી. ભારતીય રેલ્વે માટે અમે કામ કરતા હોઈએ તેવુ બતાવવા માટે આ કામમા કોઈ પુરાવો અમે રજુ રાખેલ નથી. હુ આ કામના

ફરીયાદીને ઓળખુ છુ. અમો આ કામના ફરીયાદીને સૌરભ નામના વ્યકિત મારફત ઓળખીએ છીએ. મે આ કામના ફરીયાદી પાસેથી બીલ નંબર ૯૨૦ ,૯૬૨ અને ૧૦૪૧ ની વીગતે માલ ખરીદેલ છે. એ વાત ખરી છે કે , મને આ ત્રણ ઈનવોઈસ મુજબનો માલ મળી ગયેલ છે. મને આંક –૨૮ થી ૩૦ ઈનવોઈસ બતાવવામા આવે છે પરંતુ મને વાંચતા આવડતુ ન હોય હુ તે વાચી શકુ નહીં. મેં સાતમા ધોરણ સુધીનો અભ્યાસ કરેલો છે. મને અંગ્રેજીમા ફકત સહી કરતા આવડે છે લખતા વાંચતા આવડતુ નથી.એ વાતની મને ખબર નથી કે મે ખરીદેલા માલના ઈનવોઈસમા વેચેલો માલ ખરાબ છે તેવી કોઈ શરત બીલમા લખવામા આવી છે કે કેમ? એ વાત ખરી છે કે મે ફરીયાદમા દર્શાવેલા ઈનવોઈસ બાબતે તે માલ ખરાબ છે તે આજ દીવસ સુધીમા કોર્ટમા કે પોલીસ સ્ટેશનમા ફરીયાદ કરેલ નથી.જે માલ અમે ખરાબ છે તેવુ કહીએ છીએ તે માલ આજ દીવસ સુધી ફરીયાદીને પરત કરેલ નથી. ફરીયાદવાળા ચેક મારા નથી.આંક – ૪૮ ના મારા સરતપાસના સોગંદનામામા જણાવેલી કોઈ વીગત મે નોટીસ પ્રત્યુતરથી ફરીયાદીને જણાવેલ નથી અને આજે સૌ પ્રથમવાર કોર્ટમા આવી વીગતો જાહેર કરુ છુ. એ વાત ખરી છ`કે ,સૌરભ નામનો વ્યકતી બળજબરી થી ચેક લઈ ગયેલ છે તેવી કોઈ ફરીયાદ મે આજ દિન સુધી કોઈ કોર્ટ કે પોલીસ સ્ટેશનમા કરેલ નથી. એ વાતની મને ખબર નથી કે જીઆરકે ફોર્જ લીમીટેડ અને કામધેનુ ફોર્જ પ્રાઈવેટ લીમીટેડ બંને સહયોગી પેઢીઓ છે.મે જીઆરકે ફોર્જ પ્રાઈવેટ લીમીટેડનુ નામ સાંભળેલુ છે. મને મારા પતીની સહી બતાવવામા આવે તો હુ ઓળખી ન શકુ. મેં જીઆર કે ફોર્જ પ્રાઈવેટ લીમીટેડને કયારેય ઓર્ડર આપેલ નથી. **સવાલ:** ફરીયાદીએ અમોને આપેલ નોટીસની વીગત ખોટી હોવાનો તમે જવાબ આપેલો? **જવાબ:** અમોને ફરીયાદીની નોટીસ મળેલ જ નથી. એ વાત ખરી છે કે ફરીયાદમા જે સરનામા બતાવવામા આવેલ છે તે સરનામે કોર્ટની નોટીસ અમને મળેલ છે.નોટીસની નીચે જે સરનામુ બતાવવામા આવેલ

છે તે સરનામુ ફરીયાદમા આરોપીના સરનામા તરીકે દર્શાવેલ છે તેની મને ખબર નથી અને આ સરનામે મોકલેલ નોટીસ બાબતે પોસ્ટઓફીસનુ સર્ટીફીકેટ તે નોટીસ બજેલી છે તેવુ દર્શાવે છે તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, સોગંદનામામા જણાવ્યા મુજબનુ પેમેન્ટ કરેલ ન હોવા છતા પેમેન્ટ કર્યાની ખોટી વીગતો બતાવવામા આવે છે .એ વાત ખરી નથી કે ફરીયાદીને પેમેન્ટ આપવુ ન પડે એટલા માટે માલ ખરાબ છે તેવી ખોટી વીગત જણાવેલ છે.એ વાત ખરી નથી કે મારા સરતપાસના સોગંદનામામા  દર્શાવ્યા મુજબનો ઘટનાક્રમ બનેલ ન હોવા છતા ખોટી વીગતો સાથે જુબાનીનુ સોગંદનામુ કરેલ છે.જીએસટી એટલે સરકારમા પૈસા કપાય તેને જીએસટી કહુ છુ. એ વાત સાથે હુ સહમત છુ કે જયારે અમે કોઈ માલ ખરીદીએ છીએ ત્યારે માલની રકમ તથા જીએસટીની રકમ સાથે બીલ બનાવી વેચનાર માલનુ વેચાણ કરે છે.એ વાત ખરી છે કે , માલ ખરીદયા બાદ જે જીએસટીની રકમ માલ વેચનારે વસુલી સરકારમા જમા કરાવેલ હોય તે જીએસટીની રકમ અમો ખરીદનારને ક્રેડીટ તરીકે પ્રાપ્ત થાય છે.આવી કોઈ રકમ અમોએ ફરીયાદીને પરત કરેલ હોયતેવુ બનેલ નથી.મને આંક -૩૨ નો ચેક બતાવવામા આવે છ્ે તે મારી બેંકનો અને મારા ખાતાનો છે .એ વાત ખરી નથી કે તેમા મારી સહી છે . મારા ચેકમા મારા દીકરા પાસેથી જબરજસ્તી સહી કરાવેલ છે.એ વાત ખરી છે કે , મારા દીકરા પાસે જબરજસ્તી થી સહી કરાવેલ છે તેવી કોઈ વીગત ફરીયાદીએ પાઠવેલ નોટીસ સામે પ્રત્યુતર પાઠવી અમોએ જણાવેલ નથી.એ વાત ખરી છે કે મને અંગ્રેજી ભાષાનુ કોઈ જ્ઞાન ન હોય હુ કોઈ હીસાબી સાહીત્ય મેઈન્ટેન કરતી નથી. એ વાત ખરી નથી કે મને અંગ્રેજી ભાષાનુ જ્ઞાન નથી એટલા માટે હુ કોઈ બેકીંગ વ્યવહાર કરતી નથી કે અંગ્રેજીમા ઈમેઈલ કરતી નથી.એ વાત ખરી નથી કે , મને ઓનલાઈન બેંકીગ અને કોમ્પ્યુટર આવડતુ ન હોવા છતા અમોએ સરતપાસના સોગંદનામામા તથા પુરાવાના કાયદા

મુજબના સર્ટીફીકેટમા ખોટી વીગતો જણાવેલ છે.મને આંક–૧૭ વાળી મુદતઅરજી બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે અરજી નીચે મારી સહી છે.એ વાત ખરી છે કે આંક –૧૭ની અરજીમા જણાવેલ વીગતો મારા વકીલ સાહેબે મને વાંચી સંભળાવેલ અને તે યોગ્ય લાગતા તેમા મે સહી કરી કોર્ટમા રજુ રાખેલ છે.આંક –૨૧ ની અરજીમા પણ મારી સહી છે અને તેમા જણાવેલી વીગતો ખરી છે. એ વાત ખરી નથી કે , મારે ફરીયાદ મુજબના ચેકની રકમ ચુકવવી ન હોય કોર્ટમા ખોટી જુબાની આપીએ છીએ.

**(૧૪) ત્યારબાદ આરોપીપક્ષે સાહેદ અમીત વીજેન્દ્ર પાનવારનું આંક–૬૨ થી સરતપાસનું સોગંદનામુ રજુ થયેલ છે જે અન્વયે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે,** એ વાત ખરી છે કે સુનીતાબેન શ્રી બાકે બીહારી ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટર છે. એ વાત ખરી છે કે , હુ આ પેઢી સંભાળતો તેવો કોઈ પુરાવો મેં આ કામે રજૂ કરેલ નથી. એ વાત ખરી નથી કે, હું આ સંભાળતો નથી એટલા માટે પુરાવો રજુ કરેલ નથી.એ વાત ખરી નથી કે, ફરીયાદ પાસેથી માલ ખરીદયાનો પરચેઝ ઓર્ડર મળેલ નથી પરંતુ ફરીયાદી તરફથી મને માલ મળેલ છે. એ વાત ખરી છે કે , પરચેઝ ઓર્ડરની શરતો છે તે બંને પક્ષકારોને બંધનકર્તા રહેશે. એ વાત ખરી નથી કે, માલ પરત લેવાની કોઈ શરત પરચેઝ ઓર્ડરમા લખેલ નથી . એ વાત ખરી છે કે, મે ફરીયાદીને આજ દીન સુધી માલ પરત કરેલ નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પરચેઝ ઓર્ડરમા માલ લાવવા લઈ જવાની જવાબદારી માલ મોકલવનારની હોવાનો ઉલ્લેખ કરેલ છે.એ વાત ખરી છે કે, જે.આર.કે. ફોર્જ પ્રાઈવેટ લીમીટેડના માલીક પણ હાલના ફરીયાદી અને ગોપાલભાઈ છે. એ વાત ખરી છે કે, પરચેઝ ઓડર્ર જે.આર.કે ફોર્જનો હોવા છતાં મેં અને આરોપએ કામધેનું ફોર્જમાંથી માલ આવ્યો તો પણ સ્વીકારેલ છે. એ વાત ખરી છે કે, સૌરભે ધમકાવેલ હોય અને ડરાવીને ચાર ચેક લીધેલ હોય તેવી

કોઈ ફરીયાદ ૨૦૨૩ થી આજ દીન સુધી મેં કે આરોપીએ કરેલ નથી. એ વાત ખરી છે કે, મેં કે આરોપીએ કયારેય નોટીસનો રીપ્લાય આપ્યો નથી. એ વાત ખરી નથી કે, આરોપી મારા માતા થતાં હોય તેને સમર્થન આપવા ખોટી જુબાની આપું છું.

**(૧૫) ત્યારબાદ આરોપીપક્ષે સાહેદ વિજેન્દ્ર પાનવારનું આંક–૬૭ થી સરતપાસનું સોગંદનામુ રજુ થયેલ છે જે અન્વયે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે,** આરોપી પેઢીના પ્રોપરાઈટર સુનીતા છે. જે મારા પત્ની થાય છે. પેઢીનો તમામ વહીવટ મારા પત્ની સંભાળે છે. મારા પત્નીની પેઢી અને હાલના ફરીયાદી કામધેનુ ફોર્જના વ્યવહાર બાબતે મને માહીતી નથી તે અંગે હું કંઈ પણ જાણતો નથી.એ વાત ખરી છે કે, આંક– ૨૮થી ૩૦ વાળા બીલ્સ બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે મારા પત્નીએ ખરીદેલ માલનુ બીલ છે.એ વાતની મને ખબર નથી કે, ઉપરોકત ત્રણેય બીલનુ પેમેન્ટ આરોપી કે પેઢીએ પૂરૂ કરી દીધેલ છે.એ વાત ખરી છે કે, આ ચેક આરોપી પેઢીનો છે. આ ચેકમા મારી પત્નીની સહી છે કે કેમ તે હુ કહી શકુ નહીં. આ ચેક ડીસઓનર થયેલો તેની મને ખબર નથી.એ વાત ખરી છે કે,ફરીયાદીએ મારા પત્નીને નોટીસ આપેલી. એ વાત ખરી નથી કે માલની ગુણવતા બાબતે પ્રથમવાર મારી સરતપાસમાં જણાવેલ છે.કોઈ ડરાવે ધમકાવે તો પોલીસ ફરીયાદ કરવી જોઈએ. એ વાત ખરી છે કે, મે સૌરભભાઈ વિરુઘ્ધ પોલીસ ફરીયાદ કરેલ નથી. હાલની ફરીયાદનો સમન્સ મારી પત્નીને મળેલ છે.એ વાત ખરી નથી કે , મારી પત્નીએ હાલની ફરીયાદના વ્યવહારનુ પાર્ટ પેમેન્ટ રીસીવ કરેલ છે.હાલના ફરીયાદીએ બીજી પણ ફરીયાદ મારી પત્ની વિરુઘ્ધ કરેલ છે કે કેમ તેની મને ખબર નથી.એ વાત ખરી છે કે મારી પત્ની વિરુઘ્ધ ફરીયાદીએ બીજી ફરીયાદ કરેલ છે તે રાજકોટ કોર્ટમા પેન્ડીંગ છે જે મને બતાવવામા આવે છે તે ફોજદારી કેસ નંબર ૫૬૦૬/૨૦૨૪ની નકલ છે તે જ છે તે રજુ દાખલ આંક–૬૮ એ વાતની મને ખબર

નથી કે આરોપી પેઢી ફરીયાદી પાસેથી માલ ખરીદે અને તેનુ જીએસટી ક્રેડીટ વસુલી લીધેલ છે. એ વાત ખરી નથી કે આરોપીએ ફરીયાદીને રકમ ચૂકવવી ન પડે તે માટે તેને ગેરકાયદેસર મદદ કરવા માટે સોગંદ ઉપર હું ખોટી જુબાની આપુ છું.

(૧૬) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૨૦ મુજબ જયારે ચેક લખનાર, ચેક ધારણ કરનારને ચેક સહી કરીને આપે ત્યારે તે ચેકમાની વિગતો લખવાની કે પૂર્તતા કરવાની ચેક ધારણ કરનારને પ્રથમદર્શનીય રીતે ઓથોરીટી આપેલ છે, તેવુ અનુમાન કરવાનું રહે છે. ચેકમા આરોપીની સહી નથી કે આ ચેક આરોપીનો નથી તેવી બચાવ તકરાર ન હોઈ તેમજ ફરીયાદીની ઉલટતપાસ કરી ફરીયાદીના પુરાવાને પડકારેલ ન હોય કે તેથી વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ ન હોય ત્યારે રજુ અસલ ચેક કે જે એક જાહેર દસ્તાવેજ છે તેને ન માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતું નથી. આ કામે આંક–૩૨ થી ચેક તથા ૩૩ થી અસલ બેન્ક રિટર્ન મેમો રજુ કરવામાં આવેલ છે, જેમા ચેક 'એકસીડઝ એરેજમેન્ટ' ના કારણે પરત કરેલાનું જણાવેલ છે, આંક–૩૪ થી આરોપીને વિધ્વાન વકીલશ્રી મારફત આપવામાં આવેલ નોટીસની સ્થળપ્રત, આંક–૩૫ પોષ્ટલ વીન્ડો સ્લીપ, આંક–૩૬ થી પોસ્ટલ ટ્રેક રેકર્ડ રજુ કરેલ છે. વધુમા આ કામે આરોપી તર્ફે નોટીસમાં જણાવેલ સરનામે આરોપીને નોટીસ મળેલ નથી કે નોટીસ બજેલ નથી તેવી કોઈ બચાવ તકરાર આરોપીએ જાતે હાજર રહી લીધેલ નથી કે તે સંબધે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરી તે હકીકત પુરવાર કરેલ નથી આ સંજોગોમાં ફરીયાદપક્ષ તર્ફે રજુ દસ્તાવેજી પુરાવા ન માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતું જણાતું નથી. આ કામે આરોપી તર્ફે ફરીયાદપક્ષના રેકર્ડ ઉપરના રજુ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓનું ખંડન મૌખીક કે દસ્તાવેજી પુરાવા આપીને કરેલ નથી.

આ કામે ફરીયાદી દ્રારા તેમની ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમની કાયદેસરની બાકી રહેતી લેણી રકમ વસુલવા માટે આરોપી તરફથી આપવામાં આવેલ એકસીસ બેંકનો રૂપિયા ૧૧,૦૯,૨૦૦/–નો ચેક આરોપીના વચન વિશ્વાસ પર ખાત્રી રાખી બેંકમાં રજુ કરાતાં તે 'એકસીડઝ એરેંજમેન્ટ' ના શેરા સાથે પરત ફરેલ છે અને તે બાબતે ફરીયાદી દ્રારા આરોપીને લીગલ નોટીસ રજી.એડી.મારફતે આપવામાં આવેલ છે અને આરોપી દ્રારા બચાવ લેવામાં આવેલ છે કે, આ કામે ફરીયાદી તરફે પોતાની સાહેદી પુરાવારૂપી સોગંદનામાથી આપવામાં આવેલી છે અને બચાવપક્ષન દ્રારા તેમની ઉલટતપાસ વિ.વકીલશ્રી દ્રારા કરવામાં આવેલી છે જેમાં ફરીયાદી દ્રારા આરોપી પાસેથી મળેલો ચેક ૨૦૨૨ ની સાલમાં મળેલો હતો તેમ જણાવેલ છે અને આર.ટી.જી.એસ.થી પૈસા ન મળતાં ફરીયાદી દ્રારા સદરહું ચેક બેંકમાં જમાં કરાવેલ છે અને જે રીટર્ન થયેલો છે તે હકીકત જણાવેલ છે અને ચેક રીટર્ન થયા બાદ આરોપીને ટેલીફોનીક માહીતી આપવામાં આવેલી તેમ પણ જણાવેલ છે.

આ કામે આરોપી તરફે આંક–૪૮ થી પોતાનું સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે જેના પારા નં.૩ માં આરોપી તથા ફરીયાદીનો પરીચય ૨૦૨૨ ની સાલમાં સૌરભ નામના વ્યકિતથી થયેલો તે હકીકત આરોપી દ્રારા જણાવાયેલ છે સોગંદનામાના પારા નં.૬ માં ફરીયાદીએ રજુ કરેલ આંક–૨૮ ની ઈન્વોઈસ નં.જી.–૨૨૨૩/૯૨૦, તા.૧૪/૧૦/૨૦૨૨ ની વીગતે આરોપી દ્રારા ફરીયાદી પાસેથી માલ ખરીદતી વખતે આપવામાં આવેલો છે તેમ જાહેર કરેલ છે અને તે અંગે કુલ રકમ રૂા.૨,૮૦,૦૦૨/–નો માલ આરોપીએ ફરીયાદી પાસેથી ખરીદેલ હતો જેની સામે આરોપીએ ફરીયાદીને રૂા.૨,૧૮,૩૦૦/– તા.૦૫/૧૧/૨૦૨૨ ના રોજ ચુકવી આપેલ છે જેની પેમેન્ટની રસીદ આરોપી તરફે આંક–૫૩ થી રજુ કરવામાં આવેલ છે અને બાકીનો માલ યોગ્ય કવોલીટીનો ન હોવાને કારણે રીજેકટ

થયેલો છે તેમ આરોપી દ્રારા જણાવામાં આવેલ છે અને જે બાબતે આરોપીએ ફરીયાદીને તા.૨૯/૧૦/૨૦૨૨ ના રોજ ઈ.મેઈલ કરેલો છે તે હકીકત પણ આંક–૫૪ થી ઈ.મેઈલ ની કોપી રજુ કરી જણાવવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદી તરફે આરોપીની ઉલટતપાસ કરવામાં આવેલ છે અને જેમાં આરોપીએ ફરીયાદી પાસેથી માલ ખરીદયા હોવાની અને તે માલ મળી ગયેલ હોવાની હકીકતો જણાવેલ છે અને તેની ઉલટતપાસમાં આરોપી દ્રારા મુખ્યત્વે જણાવવામાં આવેલ છે કે, ''મને આંક–૩૨ નો ચેક બતાવવામાં આવે છે તે મારી બેંકનો અને મારા ખાતાનો છે એ વાત ખરી નથી કે, તેમાં મારી સહી છે. મારા ચેકમાં મારા દીકરા પાસે જબર જસ્તીથી સહી કરાવેલ છે. એ વાત ખરી છે કે, મારા દીકરા પાસેથી જબર જસ્તીથી સહી કરાવેલ છે તેવી કોઈ વીગત ફરીયાદીને પાઠવેલ નોટીસ સામે પ્રત્યુતર પાઠવી અમોએ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મને અંગ્રેજી ભાષાનું કોઈ જ્ઞાન ન હોય હું હીસાબી સાહિત્ય મેન્ટેઈન કરતી નથી. ''

ત્યારબાદ આરોપી તરફે આંક–૬૨ થી સાહેદ અમીત વીજેન્દ્ર પાનવારનું સોગંદામું રજુ કરવામાં આવેલ છે અને ફરીયાદીના વિ.વકીલશ્રી દ્રારા આરોપી તરફેના સાહેદ અમીત પાનવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં સાહેદ દ્રારા મુખ્યત્વે જણાવવામાં આવેલ છે કે, એ વાત ખરી છે કે સુનીતાબેન શ્રી બાકે બીહારી ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટર છે. એ વાત ખરી છે કે , હુ આ પેઢી સંભાળતો તેવો કોઈ પુરાવો મેં આ કામે રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે, મે ફરીયાદીને આજ દીન સુધી માલ પરત કરેલ નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પરચેઝ ઓર્ડરમા માલ લાવવા લઈ જવાની જવાબદારી માલ મોકલવનારની હોવાનો ઉલ્લેખ કરેલ છે.એ વાત ખરી છે કે, જે.આર.કે. ફોર્જ પ્રાઈવેટ લીમીટેડના માલીક પણ હાલના ફરીયાદી

અને ગોપાલભાઈ છે. એ વાત ખરી છે કે, પરચેઝ ઓડર્ર જે.આર.કે ફોર્જનો હોવા છતાં મેં અને આરોપીએ કામધેનું ફોર્જમાંથી માલ આવ્યો તો પણ સ્વીકારેલ છે. એ વાત ખરી છે કે, સૌરભે ધમકાવેલ હોય અને ડરાવીને ચાર ચેક લીધેલ હોય તેવી કોઈ ફરીયાદ ૨૦૨૩ થી આજ દીન સુધી મેં કે આરોપીએ કરેલ નથી. એ વાત ખરી છે કે, મેં કે આરોપીએ કયારેય નોટીસનો રીપ્લાય આપ્યો નથી.

ત્યારબાદ આ કામે આરોપી તરફે સાહેદ વીજેન્દ્ર પાનવારનું આંક–૬૭ પુરાવારૂપી સોગંદનામું રજુ કરવામાં આવેલ છે અને ફરીયાદીના વિ.વકીલશ્રી દ્રારા તેમની ઉલટતપાસ કરવામાં આવેલ છે

આમ, આ કામે આરોપી તરફે સોગંદનામાઓ રજુ થયા બાદ તથા તેમની ઉલટતપાસ ફરીયાદી પક્ષે કર્યા બાદ આરોપી તરફથી આંક–૭૧ થી પોતાની ઉલટતપાસમાં જણાવવામાં આવેલ હકીકતોના આધારે ચેકમાં પોતાની સહી ન હોય તેમ જણાવી તેનો અભિપ્રાય મેળવવા અરજી આપવામાં આવેલી હતી જે કોર્ટ દ્રારા નામંજુર કરવામાં આવેલી છે.

આ કામે ફરીયાદી તરફે આંક–૮૨ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે અને જેની નકલ આરોપી પક્ષ દ્રારા રીસીવ કરવામાં આવેલ છે પરંતુ ત્યારબાદ આરોપી તરફે કોઈ આખરી દલીલ કરવામાં આવેલ નથી જેથી આરોપીનો આખરી દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આરોપી દ્રારા ફરીયાદી કંપની પાસેથી માલ વેચાણે રાખેલ હોય અને મેળવેલ હોય તેવી હકીકત જણાવવામાં આવેલ છે અને ત્યારબાદ તેવો માલ ડીફેકટીવ હોય તેઓ બચાવ લેવામાં આવેલ છે અને અમુક માલ પુરતું પેમેન્ટ આરોપી દ્રારા ફરીયાદીને ચુકવવામાં આવેલ છે તેમ જણાવવામાં આવેલ છે. આંક–૩૨ વાળો ચેક આરોપીએ ફરીયાદીને આપેલ

હોવાની હકીકત જણાવવામાં આવેલ છે અને ત્યારબાદ તેની ઉલટતપાસમાં ચેકમાં તેની સહી ન હોય અને તેના દીકરા પાસે બળજબરીથી સહી કરાવવામાં આવેલી છે તેવી હકીકત ઉલટતપાસમાં જણાવવામાં આવેલ છે. આરોપી તરફેના સાહેદ અમીત પાનવાર દ્રારા પોતાની ઉલટતપાસમાં રીજેકટ થયેલો માલ ફરીયાદીને પરત મોકલાવેલ નથી તેવી હકીકત જાહેર કરાયેલ છે અને તેના દ્રારા ચેકમાં આરોપીની બળજબરીથી સહી કરેલ છે તેવી હકીકત બાબતે કોઈ ફરીયાદ કરેલ નથી અને તેવી હકીકત આરોપીને નોટીસનો જવાબ આપીને પણ જણાવેલ નથી તેમ જણાવેલ છે.

આમ, આરોપી દ્રારા ફરીયાદીના નોટીસનો જવાબ આપેલ નથી અને પોતાના બચાવમાં ઉલટતપાસમાં ચેકમાં બળજબરીથી સહી કરી હોવાનું જણાવેલ છે પરંતુ તેવી કોઈ હકીકત બાબતે ફરીયાદ કરેલ નથી અને માલ ખરાબ કવોલીટીનો અને રીજેકટ થયેલો હોય તેવો આક્ષેપ કરવામાં આવેલ છે પરંતુ તે માલ ફરીયાદીને કંપનીને પરત પણ કરેલ નથી જેથી આરોપી તરફે રજુ કરવામાં આવેલ તમામ બચાવો ફરીયાદીને કાયદેસરના લેણા પેટે રકમ ચુકવવાની જવાબદારીમાંથી બચવા માટે કરવામાં આવેલા આક્ષેપો હોય તેમ જણાઈ આવે છે. ફરીયાદીને આરોપી તરફથી આંક–૩ર વાળો ચેક આપેલ હતો અને જે આરોપીના બેંકનો અને તેના ખાતાનો હતો અને તે ચેક માલની લેવડ–દેવડ બાબતે આપવામાં આવેલ હતો તે હકીકતો પુરાવાથી સ્પષ્ટ થાય છે અને ડીફેકટીવ માલ અને બળજબરીથી કરાવવામાં આવેલ સહી બાબતેનો બચાવ આરોપી તરફે તેના પુરાવા રજુ કર્યા બાદ પ્રથમ વખત ફરીયાદી વીરુધ્ધ કરવામાં આવેલ હતા અને તેવા આક્ષેપોને સમર્થન આપવા કોઈ પણ યોગ્ય પુરાવો રજુ કરવામાં આવેલ નથી. બચાવપક્ષે આરોપી તથા તેના દીકરા તથા તેના પતિને તપાસવામાં આવેલ છે તે તમામ સાહેદો આરોપીના નજીકના સંબંધીઓ છે જેથી ફકત સાહેદી દ્રારા

કરવામાં આવેલ આક્ષેપોને સમર્થનકારી પુરાવાના અભાવમાં માનવાને કોઈ કારણ નથી અને નેગો.ઈ.એકટની કલમ–૧૩૮ મુજબ કાયદેસરના લેણા બાબતે ઈસ્યુ થયેલ ચેકનું અનુમાન આરોપી તરફથી રીબર્ટ કરવામાં નિષ્ફળ નીવડેલ હોય, જેથી ફરીયાદીની તરફેણમાં રજુ થયેલ તમામ પુરાવો ગ્રાહય રાખી આરોપી દ્રારા એન.આઈ.એકટની કલમ–૧૩૮ મુજબ ચેક પરત ફર્યા બાદ તે મુજબની લેણી રકમ ફરીયાદીને ન ચુકવી આપેલ હોય તેવું માનવાને કારણ છે

આમ, હાલની સમગ્ર ફરીયાદની હકીકતો તથા પુરાવો ધ્યાને લેતાં અને નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ તથા ૧૩૯ ના આવશ્યક તત્વો ધ્યાને લેતાં ફરીયાદી દ્રારા જે ચેક બાબતેની ફરીયાદ કરવામાં આવેલ છે તે ચેક આરોપી દ્રારા આપવામાં આવેલો છે અને ફરીયાદીને ફરીયાદ કરવા બાબતે કોઈ અધિકાર નથી અને ફરીયાદી અને આરોપી વચ્ચે હકીકતે કોઈ ધંધાકીય વ્યવહાર થયેલા ન હોય તેવા બચાવ રજુ થયેલ પુરાવાઓથી વીરુધ્ધના અને તે બચાવો બાબતે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ ન હોય માનવાને કોઈ કારણ નથી અને જેથી ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવાઓથી ફરીયાદની હકીકતો સાબીત થતી હોય જેથી આરોપી દ્રારા આપવામાં આવેલ ચેક કાયદેસરના લેણા પેટેનો હોય અને જે અપુરતા ભંડોળના લીધે પરત ફરેલ હોય તે હકીકતો પુરવાર થાય છે.

**(૧૭)** આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપી પક્ષે કલમ–૧૩૯ ની કાયદાના અનુમાનનું ખંડન કરતો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ? તે સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટના **AIR 2010 S.C. 1989, (Rangappa V/s. Sri Mohan ) Criminal Appeal No. 1020 of 2010 ના ચુકાદા** મુજબ ચેકના યથાનુંક્રમના ધારક–હોલ્ડર ઈન ડયુ કોર્ષની તરફેણમાં અદાલતે અનુમાન કરવાનું હોય છે.જેથી પ્રાથમીક તબકકે ફરીયાદવાળો ચેક આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણાંની જવાબદારી સ્વીકારી ઈસ્યુ કરેલા

હોવાનું અનુમાન કરેલ છે અને તે વિગતે પુરાવાનું અર્થઘટન કરેલ છે કે શું આરોપી પુરવાર કરે છે કે,ફરીયાદીનું આરોપી પાસે કાયદેસરનું લેણું ન હોવા છતા આરોપીના ચેકનો દુરપયોગ કરી હાલની ખોટી ફરીયાદ આરોપી સામે દાખલ કરેલ છે.

## (૧૮) <u>કાયદેસરનું લેણું :–</u>

ફરીયાદપક્ષ તફે ઉપરોકત રજુ થયેલ ફરીયાદીનું સોગંદનામું તેમજ દસ્તાવેજી પુરાવા ચેક, ચેક રીટર્ન મેમો, નોટીસની સ્થળપ્રત, નોટીસ બજી ગયા બાદ આરોપી ખુદ કોર્ટમાં હાજર રહેલ છે અને પ્લી લેવામા આવેલ છે ત્યારબાદ સદરહુ કામે ફરીયાદીના ઉપરોકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે જે તમામ હકીકત આરોપીના ઘ્યાન ઉપર છે.

વધુમાં ફરિયાદપક્ષે રજુ થયેલ ચેક આંક–૩૨ ઘ્યાને લેતા તેમાં આરોપીની સહી હોવાનું રેકર્ડ ઉપર આવે છે તેમજ સદરહુ ચેક ફરિયાદીના નામે ઈસ્યુ થયેલ હોવાનું જણાઈ આવે છે. જે ચેક ફરિયાદીએ તેમની બેન્કમાં કલીયરીંગ માટે રજુ કરતા આં ક–૩૩ ના ચેક રીટર્મ મેમો માં જણાવેલ કારણ મુજબ ચેક 'એકસીડઝ એરેજમેન્ટ' દર્શાવેલ છે. જે બાબત સ્પષ્ટપણે ફરીયાદ વાળો ચેક આરોપીના ખાતામાં અપૂરતા ભંડોળના કારણે પરત ફરેલાનું પુરવાર કરતાં પુરાવા તરીકે ઘ્યાને લેવાની રહે છે. વધુમાં આ કામે ફરીયાદ વાળો ચેક આરોપીના ખાતામા પુરતું ભંડોળ હોવા છતાં અન્ય કોઈ કારણસર પરત ફરેલાની બાબત બચાવ પક્ષે રેકર્ડ ઉપર પોતાના બચાવ તરીકે રજુ કરેલ નથી. આમ, આવા ચોકકસ વિરુઘ્ઘ પુરાવાના અભાવે પણ આરોપીના ખાતામાં પુરતું ભંડોળ ન હોવાના કારણે ફરીયાદવાળો ચેક પરત ફરેલાની બાબત પુરતા પુરાવાથી પુરવાર થયેલાની માનવાની રહે છે. તેમજ વાદગ્રસ્ત ચેક વાળુ ખાતુ પણ આરોપી પોતે નીભાવતા ન હોવા અંગેનો પણ બચાવ આરોપીએ લીધેલ

નથી તેમજ આરોપીએ વાદગ્રસ્ત ચેક આપેલ ન હોવાનો કોઈ બચાવ અત્રેની કોર્ટમાં હાજર રહી લીધેલ નથી કે આરોપીએ અત્રેની કોર્ટમાં હાજર રહી કોઈ મૌખીક પુરાવો રજુ કરેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવા આધાર હાલના કામે રજુ રાખેલ નથી તેમજ આરોપીએ ખુદે કોર્ટમાં હાજર રહી તેમની સામેના ગુનાનો ઈન્કાર કર્યા બાદ તેમના બચાવમાં આરોપીએ કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, આરોપીએ અત્રેની કોર્ટમાં હાજર રહી ફરીયાદીના પુરાવાનુ ખંડન કરેલ નથી. વધુમાં વાદગ્રસ્ત ચેકવાળુ ખાતુ આરોપીનુ ન હોવાનુ કે ચેકમાં પોતાની સહી ન હોવા અંગેનો કોઈ બચાવ આરોપી દવારા લીધેલ નથી. આરોપી જાતે પોતાનો બચાવ રજુ કરવા જાતે વિટનેસ બોક્ષમાં આવી જુબાની આપેલ નથી કે અન્ય કોઈ સાહેદોને તપાસી તેમનો બચાવ પુરવાર કરેલ નથી. આમ, ફરીયાદી તરફે તેમના જે દસ્તાવેજો રજુ કરેલ છે તેનુ ખંડન કરવા કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ આરોપી તરફે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં સેકશન–૨૦ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ જયારે કોઈ ચેક કોઈ વ્યકિત સહી કરીને આપતા હોય તો તે કાયદેસરના લેણા પેટે આપેલ હોય તેવુ અનુમાન કોર્ટે કરવાનુ રહે છે અને તેનો ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી જે તે વ્યકિત ચેક આપનાર હોય તેની રહે છે. આરોપીએ સદરહુ બાબતનો ખંડનાત્મક પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી ત્યારે હાલની ફરીયાદમાં પુરાવામાં રજુ રહેલ ચેક આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાં પેટે આપેલ હોવાનુ જણાય આવે છે. જેથી આરોપી સામે જે અનુમાન કલમ –૧૩૯ મુજબ ઉપસ્થિત થાય કે સદર ચેક લેણા પેટે આપવામાં આવેલ છે જે ખંડનાત્મક અનુમાન હોય છે તેનુ ખંડન મૌખીક કે દસ્તાવેજી પુરાવાથી કરવામાં આરોપી નિષ્ફળ નીવડેલ છે અને આરોપીએ ફરીયાદીના પુરાવાનું ખંડન કરતો કે શંકા ઉપજાવે તેવો કોઈ સચોટ અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર રજુ કરવામા નિષ્ફળ ગયેલ છે. ત્યારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૯ ના પ્રિઝમ્પ્શન મુજબ તેમજ

**નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૧૦(૧) ડી.સી.આર. ૭૦૬, રંગપ્પા વિરુધ્ધ શ્રી મોહન** ના કેસમા ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયાં સુધી આરોપી વિરુધ્ધનો પુરાવો ન આવે, અગર તો ફરીયાદીનો પુરાવો વિશ્વસનીય રીતે રિબર્ટ ન થાય ત્યાં સુધી ચેક કાયદેસરની જવાબદારીના દેવા પેટે આપેલ છે તે જોતાં તેમજ કોર્ટનું રજુ થયેલ રેકર્ડ જોતાં ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું ખંડન કરવામાં આરોપી સંપૂર્ણ પણે નિષ્ફળ જાય છે જેથી આ કામે **મુદ્દા નં.૧** નો નિર્ણય **હકારમાં** આપી અને આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના માટે ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) તકસીરવાન ઠરાવવામાં આવે છે અને બંને પક્ષે સજા અંગે સાંભળવા પર મુલતવી.

કોટડસાંગાણી.

તા.૨૨/૦૪/૨૦૨૬ **(ઋત્વિજ ફાલ્ગુનભાઈ ત્રિવેદી)**
જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ,કોટડસાંગાણી.
(UIC NO.GJ01748)

**<u>સજા અંગે હુકમ :–</u>**

**(૧૯)** હાલના કામે ફરીયાદી તથા તેમના વિ.વ.શ્રી હાજર છે. ફરીયાદી તરફે વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે, હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. ચેકો રીટર્ન થવાના કિસ્સા વધી રહેલ છે. સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે. જેથી આરોપીને કાયદા મુજબની મહતમ સજા કરવી જોઈએ અને ફરિયાદીની ચેકની રકમનું વળતર અપાવવા રજુઆત કરેલ છે.

આરોપી તરફે તેમના વિ.વકીલશ્રી તથા આરોપી હાજર નથી.

**(૨૦)** ફરીયાદીના વિ.વ.શ્રીની દલીલો સાંભળી. હાલના યુગમાં કોઈપણ વ્યકિત, કોઈપણ ભોગે ખાનગી મંડળીઓ પાસેથી મોટી રકમની લોન મેળવવા તેમજ

ધંધાકીય વ્યવહાર વખતે સહી કરી ચેકો લખી આપતા હોય છે તેમજ ઘણી વાર કોરા ચેકો આપતા હોવાના કિસ્સા વધી રહેલ છે. ત્યારબાદ ચેકમાં લખ્યા મુજબની રકમ ફરિયાદીને ચુકવવામાં આરોપી નિષ્ફળ જાય છે અને ચેકો વગર સ્વીકારચે પરત થતાં રહે છે તે ખૂબ ગંભીર બાબત ગણાય અને આવા ગુન્હાઓ દિન–પ્રતિદિન વધી રહયા છે. જેના ઉપર અંકુશ રાખવો જરૂરી છે. સામાન્ય રીતે સજાની માત્રા કેવી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચૂકાદાઓ ઉપલબ્ધ છે. તેમજ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળ લેજીસ્લેચરનો હેતુ બેન્કનું કામકાજ તેના નિયમોનુસાર અને કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતુ રહે તે માટેનું છે. આ કામે આરોપીએ ફરીયાદી પાસેથી ફરીયાદની વિગતે ફરીયાદીની લેણી રકમ પરત ચુકવવા તેમની સહીવાળો ચેક ફરીયાદીને આપેલ છે જે ચેક વણચુકવાયેલ પરત ફરેલ છે. તેથી આરોપીને નોટીસ આપ્યા બાદ પણ આરોપીએ ફરિયાદીની ચેક મુજબની રકમ ચુકવેલ નથી તેમજ કેસ ચાલતા દરમ્યાન પણ આરોપીએ ફરિયાદીની ચેક મુજબની રકમ ચુકવવા કોઈ દરકાર કરેલ નથી. આમ, આરોપીની વર્તણુક લક્ષમાં રાખતા, આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે તેમજ લોકોનો બેન્કીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવું છે. કારણ કે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદો ઘડવા પાછળનો લેજીસ્લેચરનો ઈરાદો કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છે અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનો બેંકીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ઉઠી જશે અને લોકો ચેકોનો બેફામ દુરઉપયોગ કરતાં અચકાશે નહી. જેના કારણે ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકશાન થાય તેમ છે. તેમજ હાલના કેસની હકકીતો અને સંજોગો લક્ષમાં લઈએ તો, આરોપી પોતે ઠરેલ

વ્યક્તિ છે. ધંધાકીય વ્યવહારની કાયદેસરની લેણી રકમ સામે ચેક આપવાની ગંભીરતાનો તેમને ખ્યાલ હોવો જોઈએ. તેમજ ચેકની રકમ આરોપી તરફે ફરીયાદીને ચૂકવવામાં આવેલ નથી. આમ આરોપીની દાનત ફરીયાદીને રકમ પરત નહીં આપવાની જણાય છે તે જોતા તેમજ આરોપીની વર્તણૂક ધ્યાને રાખતા પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય જણાતો નથી. ઉપરાંત આ અદાલતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ– ૧૮૮૧ ની કલમ–૧૩૮ માં જણાવેલ સજાની જોગવાઈઓ પણ લક્ષે લીધેલ છે.

**[138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.**

—Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, ***be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both:***

ફરીયાદી તરફે વળતરની રજુઆત લક્ષે લીધી. આ અદાલતે **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૧)જી.એલ.એચ. પાના નં.૨૨૫ શંકરલાલ એન્ડ પરમાર વિરૂધ્ધ દિનેશ બાબુલાલ બોરીચા**વાળા વિગેરેના ચૂકાદાની હકીકતો લક્ષમાં લીધેલ છે, જેમાં સજા કરતી વખતે દંડ ચૂકવવાનો આદેશ દૂર કરેલ હતો, પરંતુ વળતર ચૂકવવાનો આદેશ યથાવત રાખવામાં આવેલ હતો તે ચૂકાદા અનુસાર આરોપીને દંડ

અને વળતર ચૂકવવાનો હુકમ એક સાથે ન કરી શકાય, તે હકીકત આ અદાલતે લક્ષે લીધેલ છે. વધુમા, **નામદાર કેરાલા હાઈકોર્ટનો એમ.વી. નલીન કહાન વિરૂધ્ધ એમ. મેશન, ૨૦૦૯ ક્રિમીનલ લો જનરલ પાના નંબર–૧૭૦૩** નો ચુકાદા મુજબ આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો ન્યાયોચીત જણાતો નથી અને તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા ફરિયાદીને ચેકમાં સહી કરી આપ્યા બાદ ચેક વણચુકવાયેલ પરત ફરેલ તેમજ આરોપીને નોટિસ મોકલી ચેકની રકમ ચુકવવા જણાવવા છતા આરોપીએ ફરિયાદીની ચેકની રકમ નહી ચુકવેલ હોવાનું પુરવાર થયેલ છે તે ધ્યાને લેતા તથા **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૪(૨) જી.એલ.એચ. પાના નંબર–૨૯, આર.સી. મહેતા વિરૂધ્ધ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની લી.**ના ચુકાદામાં જણાવેલ હકીકતે તેમજ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ ની જોગવાઈ ધ્યાને રાખી **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબનો ''**આખરી હુકમ**'' કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧).. આ કામના આરોપી **સુનીતા વિજેન્દ્ર પાનવાર તે શ્રી બન્કે બીહારી ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટરનાઓને** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી બે વર્ષની સાદી કેદની સજા કરવામાં આવે છે.

(૨).. આરોપીએ ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ–૩૫૭(૩) અન્વયે ફરિયાદીને વળતર પેટે રૂા.૧૧,૦૯,૨૦૦/–( શબ્દોમાં–રૂપિયા અગીયાર લાખ નવ હજાર બસ્સો પુરા) દિન–૬૦ માં ચુકવી આપવા. જો

આરોપી સદર વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીએ વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩).. આરોપીને આ જજમેન્ટની એક નકલ સી.આર.પી.સી.ની કલમ ૩૬૩ મુજબ વિનામુલ્યે તાત્કાલીક આપવી.

આજરોજ તા.૨૨મી, માંહે એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ચુકાદો ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કોટડસાંગાણી.

તા.૨૨/૦૪/૨૦૨૬

**(ઋત્વિજ ફાલ્ગુનભાઈ ત્રિવેદી)**
જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ,કોટડસાંગાણી.
(UIC NO.GJ01748)